# 22. ફરી ઊપડ્યાં

## ધનુનું ગામ

આજે બધાં સંબંધીઓ દશેરા ઉજવવા માટે ધનુના ઘરે આવ્યાં છે. તેઓ તેમનો સામાન બળદગાડાંમાં લઈને આવ્યાં છે. ધનુના પિતા પરિવારમાં સૌથી મોટા છે. તેથી બધા તહેવારો તેમના ઘરે જ ઉજવાય છે. ધનુની માતા, મામી અને તેની કાકી પૂરણપોળી (વેઢમી) બનાવવામાં વ્યસ્ત છે. તેની સાથે તીખી કઢી પણ બનાવવામાં આવી છે.

આખો દિવસ હસવામાં અને વાતો કરવામાં પસાર થયો. પરંતુ સાંજ પડતાં બધાના મૂડ બદલાઈ ગયા. સ્ત્રીઓ અને બાળકોએ તેમનો સામાન બાંધવાનું ચાલુ કર્યું. પુરુષો મુકાદમ (પ્રતિનિધિ) સાથે બેઠા હતા. મુકાદમ દરેક પરિવારે લીધેલી લોનની વિગત આપતો હતો.

પછી આગળના થોડા મહિનાઓ માટે વાત થઈ. મુકાદમ ગામલોકોને આગળના છ મહિના તેઓએ કયા વિસ્તારમાં જવાનું રહેશે તે સમજાવતો હતો. તે તેઓને તેમના ખર્ચા (expenses-ઍક્સપેન્સિસ) માટે થોડા પૈસાની લોન પણ આપે છે. ધનુને યાદ છે આ નિયમિતપણે થતું રહેતું.



**શિક્ષક માટે :** વર્ગમાં પૈસા ઉછીના લાવવા, લોન, દેવું અને મુકાદમ (પ્રતિનિધિ) જેવા મુદ્દાઓ વિશે વાત કરો. રોજિંદા જીવનનાં ઉદાહરણો પરથી આ મુદ્દાઓની ચર્ચા કરવી.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



વરસાદની ઋતુથી દશેરા સુધી ધનુનો પરિવાર મોટા ખેડૂતોની જમીન પર કામ કરે છે. બીજા ઘણા પરિવારો પણ આવી જમીન પર કામ કરે છે. તેઓ આ મહિનામાં પૂરતા પૈસા કમાઈ લે છે.

પરંતુ જ્યારે વરસાદ ન હોય અને ખેતરોમાં કામ પણ ન હોય ત્યારે બાકીના છ મહિના કેવી રીતે નિભાવવા ? તેથી દરેક જણ મુકાદમ પાસેથી ઉછીના પૈસા લે છે. તે પૈસા પરત આપવા તેઓએ મુકાદમ માટે કામ કરવું પડે છે. મુકાદમ શેરડીની ફૅક્ટરીનો પ્રતિનિધિ છે. તે તેમને શેરડીની ફૅક્ટરીમાં કામ શોધવામાં મદદ કરે છે.



**કહો :**

- ધનુના ગામમાં બધા ખેડૂતો પાસે તેમની પોતાની જમીન છે ?
- વર્ષના કયા સમય દરમિયાન ધનુના પરિવારને કામ મળે છે ? કયા સમય દરમિયાન તેમની પાસે કામ હોતું નથી ?
- તમે ધનુના પરિવાર જેવા અન્ય પરિવારને જાણો છો કે જેમને કામની શોધમાં મહિનાઓ સુધી તેમનું ગામ છોડીને જવું પડે ?



**વિચારો અને શોધી કાઢો :**

X2D8F7


- જો ધનુના ગામનાં લોકો કામની શોધમાં તેમનું ગામ છોડે નહિ, તો તેમને પોતાના ગામમાં કેવી મુશ્કેલીઓનો સામનો કરવો પડે ?
- ધનુના ગામમાં વરસાદ ન હોય ત્યારે ખેતી થઈ શકતી નથી. શું ખેતી વરસાદના પાણી વગર પણ થઈ શકે ? કેવી રીતે ?

**શિક્ષક માટે :** શેરડીની ખેતી જ્યારે વરસાદ ન હોય તે સમય દરમિયાન થઈ શકે છે તે તરફ બાળકોનું ધ્યાન દોરો. ખેતરમાં સિંચાઈની અનેક પદ્ધતિઓ જેવી કે ટ્યૂબવેલ, કેનાલ, પાણી ઊંચકવા માટેનું પૈડું વગેરેની ચર્ચા કરો. બાળકોને તે દોરવા કહો. જો શક્ય હોય તો તેમને ત્યાં મુલાકાતે લઈ જાઓ અથવા તેમના પરિવાર સાથે તે જોવા કહો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

આગામી મહિનાઓમાં ધનુ, તેનાં માતા-પિતા, તેના કાકા અને તેમનાં બે મોટાં બાળકો, તેનાં મામા-મામી અને તેમની બે દીકરીઓ તથા ગામમાંથી ચાળીસ-પચાસ પરિવારો તેમનાં ઘરથી દૂર થઈ જશે. આ છ મહિનાઓમાં ધનુ અને તેના જેવાં બીજાં કેટલાંક બાળકો શાળાએ જઈ શકશે નહિ. ધનુનાં વૃદ્ધ દાદી, તેનાં પ્રજ્ઞાચક્ષુ કાકી અને તેની બે-ત્રણ મહિનાની પિતરાઈ બહેન ગામમાં જ રહેશે.



બીજાં ઘરોમાં પણ વૃદ્ધો અને બીમાર માણસો ગામમાં જ રહેશે. ધનુ તેના દાદીમાને ખૂબ યાદ કરે છે. ધનુને હંમેશાં લાગ્યા કરે છે, તેની દાદીની સંભાળ કોણ રાખશે? પરંતુ ધનુ શું કરી શકે ?



**કહો :**

- ધનુનો પરિવાર અને ગામના કેટલાક લોકો કામ શોધવા ગામ છોડી જશે, પરંતુ કેટલાક લોકો ગામમાં રહેશે. આવું શા માટે બન્યું ?
- જ્યારે ધનુ અને બીજાં ભણતાં બાળકો છ મહિના માટે ગામ છોડી જશે, ત્યારે ગામની શાળામાં તેની શું અસર થશે ?
- તમારા ઘરમાં જ્યારે બાકીના સભ્યો કામથી બહાર જાય, ત્યારે વૃદ્ધ અને બીમાર સભ્યો માટે શું વ્યવસ્થા (arrangements-અરેન્જમેન્ટસ્) કરવામાં આવે છે ?

## દશેરા પછી


આ પરિવારોનો કાફલો હવે શેરડીનાં ખેતરો અને ફૅક્ટરીઓ નજીક રહેઠાણ બનાવશે. છ મહિના માટે તેઓ સૂકી શેરડી અને તેનાં પાંદડાંમાંથી બનાવેલી તેમની ઝૂંપડીઓમાં રહેશે. પુરુષો સવારે વહેલા ઊઠીને શેરડીનાં ખેતરમાં શેરડી કાપવા જશે. સ્ત્રીઓ શેરડીના ભારાઓ (bundles-બંડલ્સ) બાંધશે. પછી ભારાઓને ખાંડની ફૅક્ટરીમાં લઈ જવામાં આવશે. ધનુ વારંવાર તેના પિતા સાથે જાય છે. ઘણી વખત તેઓ ફૅક્ટરીની બહાર બળદગાડામાં રાત્રિ વિતાવે છે. ત્યાં ધનુ બળદો સાથે રમે છે અને આજુબાજુ ફર્યા કરે છે.

**શિક્ષક માટે :** જો બાળકો તેમના પરિવારના સભ્યોની નશીલા / માદક દ્રવ્યો (drugs-ડ્રગ્સ) લેવાની આદતની મુશ્કેલીની આપ-લે કરવા માગે, તો તમારે તે બાળકો સાથે ખૂબ જ સાવચેતીપૂર્વક અને સંવેદનશીલ રીતે વાત કરવી જોઈએ. વર્ગમાં ડ્રગ્સ / નાર્કોટિક્સ / માદક દ્રવ્યની ખરાબ અસરોની ચર્ચા કરો. આવા મુદ્દાઓની તાલીમ કાર્યક્રમમાં ચર્ચા કરી શકાય છે.




Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

તેના પિતાને ફેક્ટરીમાં શેરડીનું વજન કરવાનું અને પહોંચ (તેમણે કેટલી શેરડી આપી તેનો હિસાબ) બનાવવાની રહેતી. તેઓ આ પહોંચ (receipt-રિસિપ્ટ) તેમના લોનના ખાતાનો હિસાબ રાખનારા પ્રતિનિધિને આપતા. પ્રતિનિધિ આગળના અઠવાડિયાંના ખર્ચા માટે તેમને થોડા પૈસા પણ આપતા. પછી ધનુની માતા અને મામી બાળકોને નજીકના બજારમાં લોટ અને તેલ ખરીદવા માટે સાથે લઈ જતાં. ઘણી વખત મામી બાળકો માટે થોડા લાડવા અથવા મીઠાઈ ખરીદતાં.



તેમણે ધનુ માટે પેન્સિલ, રબર અને નોટબુક પણ ખરીદ્યાં. અંતે તો તે એમનો પ્રિય છે! પરંતુ ધનુ તેને છ મહિના નહિ વાપરી શકે, કારણ કે તે શાળાએ જશે જ નહિ.



મામીની ઇચ્છા ધનુને ભણાવીને જીવનમાં કંઈક બનાવવાની છે. ધનુ આ રીતે તેના પરિવાર સાથે અહીં-તહીં ફરતો રહે એવું તે ઇચ્છતા નથી. મામા અને મામી તેનાં માતાપિતાને કહે છે, ‘‘જ્યારે ફરી આપણે દશેરા પછી ગામ છોડવાનું થાય ત્યારે ધનુને તેની દાદી અને કાકી સાથે ત્યાં જ મૂકીને આવીશું. ગામનાં બીજાં બાળકોની જેમ તે શાળાએ જશે. તે તેનું ભણવાનું ચાલુ રાખશે. તે આગળ ભણશે અને કંઈક બનશે.

**શિક્ષક માટે :** ઘણાં પરિવારનાં બાળકો નશીલા/માદક પદાર્થો લેવા જેવી આદતો અને ટેવોનો શિકાર બને તે શક્ય છે. સમયસર તેનાથી બચવા માટેનાં કામ કરવા જોઈએ. આ વિષય પર શિક્ષકોની સહાયથી બાળકો દ્વારા ચાર્ટ્સ અને પોસ્ટર્સ બનાવડાવી શકાય છે અને વર્ગમાં ચર્ચા કરી શકાય.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



## વિચારો અને કહો :



- મામી શા માટે ઇચ્છે છે કે ધનુ આખું વર્ષ શાળાએ જાય અને ભણે ?
- જ્યારે તમે લાંબા સમય માટે શાળાએ જઈ શકો તેમ ન હોય, તો શું થાય ?



## ચર્ચા કરો અને લખો :

- ધનુને તેના ગામના લોકો સાથે ગામ છોડીને જવું પડે છે તે સમયે કોઈ સગવડ કરી શકાય કે જેથી ધનુ તેનું ભણવાનું ચાલુ રાખી શકે ? કેવા પ્રકારની ?
- શું તમે કોઈ એવી નોકરી / કામ વિશે જાણો છો જેના લીધે લોકોને તેમના પરિવારથી ઘણા મહિનાઓ દૂર રહેવું પડે ? આ પુસ્તકમાંથી ઉદાહરણો જુઓ અને લખો.
- જુદા-જુદા પ્રકારના ખેડૂતોનાં જીવનમાં શું સમાનતા અને તફાવત છે ?
- કયાં કયાં કારણોસર લોકો સ્થળાંતર (migrate-માઈગ્રેટ) કરતાં હોય છે ?



## આપણે શું શીખ્યાં

- તમે આ પુસ્તકમાં જુદાં-જુદાં પ્રકરણમાં ઘણા પ્રકારના ખેડૂતો વિશે વાંચ્યું. કોષ્ટક પૂર્ણ કરો.

| ખેડૂતનું નામ | જમીન પોતાની છે ? (✓ કે ×) | તેઓ શું ઉગાડે છે ? | તેઓને કેવી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે ? | અન્ય માહિતી |
|---|---|---|---|---|
| 1. દામજીભાઈ (પ્રકરણ ....) | | | | |
| 2. હસમુખ (પ્રકરણ ....) | | | | |

**શિક્ષક માટે :** જે જાતિઓ સ્થળાંતર કરે છે તેમનાં બાળકોના ભણતર માટે થોડી સગવડો કરી શકાય તે વિશે બાળકો સાથે ચર્ચા કરો. ઘણી વખત શિક્ષકો પણ તેમની સાથે સ્થળાંતર કરે છે. કેટલીક જાતિના લોકો એક જગ્યાએથી બીજી જગ્યાએ કેવા પ્રકારનાં કામ માટે સ્થળાંતર કરે છે, તેની ચર્ચા કરો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in